વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૪ : અંક - ૯-૧૦ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : મે ૬-૨૨, ૨૦૨૬

# અગનગોળાનો દઝાડતો તાપ

આ વખતનો ઉનાળો શ્રમજીવીઓ માટે અગ્નિપરીક્ષા જેવો રહ્યો છે..

કાળઝાળ ઉનાળો, ઉપરથી જાણે અગનગોળા વરસે અને ઘરતી શેકાઇ-શેકાઇને આગ ઓકે... પવન પણ ગરમ... ગરમ... પણ પેટની ભૂખ માટે અસંગઠિત વર્ગના ખેતમજૂર હોય કે, પછી વેસ્ટ રિસાયકલર્સ કે, બાંધકામ કામદારો કે, મીઠાના અગરિયાઓ ધગધગતી ગરમી સહે છે. લૂ લાગે-ઝાડા-ઉલ્ટી થાય- બી.પી.ની અસર થાય, ચક્કર આવે, બેભાન થવાય તેમજ આ શ્રમજીવીઓ પોતાની કોઠાસૂઝથી ગરમીથી બચવાના ઉપાયો કરી રહ્યા છે. વાત લખતાં જ દઝાઇ જવાય છે તે આ શ્રમજીવીઓની પરિસ્થિતિની વાત કરતો 'અનસૂયા'નો આ અંક છે.

કરે કોઇ ને ભોગવે કોઇ ! ક્લાઈમેટ ચેન્જની આ અસરની આપણને તો કલ્પના જ નથી... માટે જ સાવધાન ! કોઈપણ વસ્તુ વાપરતાં એક વાર વિચાર કરીએ કે, હું જે વાપરું છું તેની સામાને અસર શું થશે ? હું આવનારી પેઢીને વારસામાં શું આપીશ ? માટે જ 'વાપરો વિચારીને'.

**-મનાલી**

હવે તો જાણે બારેમાસ ગરમીની અસર જોવા મળતી હોય તેમ લાગે છે, કઇ ઋતુ છે એની ખબર જ નથી પડતી. શિયાળાની સિઝનમાં ઠંડી પણ ઓછી લાગે છે, ત્યારે ચોમાસુ તો જાણે, નજીવું દેખાય ! બસ આખું વર્ષ તાપમાન અનુભવાતુ હોય તો તે છે, ગરમીનું જ. હાલની ૪૪ ડિગ્રી તાપમાન-કાળઝાળ ગરમીમાં બાંધકામ કામદાર બહેનો પોતાની રોજી-રોટી રળતા દિવસ આખો તાપ વેઠીને કામ કરતાં કેવી તકલીફો પડે છે એ જોઇએ તો,

દાહોદથી કામની શોધમાં આવેલા પ્રવાસી કામદારો અમદાવાદના નરોડા-મુઠિયા વિસ્તારમાં વસાહત બાંધીને રહે છે. જેઓ બાંધકામનું કામ કરે છે. બાંધકામ કામ સાથે જોડાયેલા કાળીબહેન કહે, સવાર થાય ને વસાહતથી સુતરના કારખાને નાકા ઉપર રોકડીમાં કામ માટે જઇએ. ગરમીમાં માંડ ૧૫ દિવસ કામ મળે, રોજના ૬૦૦ રૂપિયા હાજરી મળે છે. રોજ અલગ અલગ જગ્યાએ કામે જવાનું થાય તે ક્યાંક છાંયડો હોય તો ક્યાંક ના પણ હોય. જ્યાં વર્ધી મળે ત્યાં જઇએ.

આકરી ગરમીથી તો કંટાળી જવાય છે. આકાશમાં માથે સૂરજનો ધોમધકતો તાપ વરસતો હોય ને અમારે માથે ઈંટોની પાટલી લઇને ચાલવાનું હોય તે વિચારો અમારી શું હાલત થતી હશે! એક તો માથે વજન હોયને વળી, બહારથી ચાલીને આગળ કામ ચાલતુ હોય ત્યાં ખપેડા ઉપર ઈંટો ચઢાવવાની હોય તે માથું ને આખુ શરીર પરસેવે રેબઝેબ થઇ જાય છે. સાડી પહેરીને તેના ઉપર બુશશર્ટ પહેર્યો હોય એટલે વધારે ગરમી લાગે છે. જેને લીધે, આખા શરીરે અળઇઓ બહુ થઇ ગઇ છે. ખરો તડકો માથે હોય ને હાથ સિમેન્ટવાળા થાય તે સિમેન્ટમાં આવતાં કેમિકલને લીધે હાથ-પગમાં બળતરા થાય છે એવી ગરમી નીકળે છે. આખો દિવસ તડકામાં કામ કરતાં પરસેવાથી સાથળ છોલાઇ જાય છે. દવા લેવી પડે ત્યારે જતા થોડી રાહત થાય.

કાળીબહેનની વાતમાં સૂર પુરાવતા મધુબહેન કહે, અમે મુઠીયા કેનાલ નજીક કંતાનના ઝૂપડાં બાંધીને રહીએ તે મચ્છરોનો ઉપદ્રવ પણ એટલો જ છે. વળી પાણીની વાત કરું તો, નજીકમાં વિમલ મિલના કોટે નળમાં આવે છે ત્યાંથી જ ઘર વપરાશ અને પીવા માટે ભરી લાવી ચલાવીએ છીએ.

કામની વાત કરું તો, અમારે મજુરીયાને જ્યાં કામ મળે ત્યાં દોડયા જવાનું. બધી સાઈટ પર કામની જગ્યાએ પાણી નથી સગવડ નથી હોતી. કામમાં ક્યાંક ઘર જેવી જગ્યા હોય તો વળી ઘર માલિક ઠંડા પાણીના બાટલા આપે તે પીવા મળે. તો વળી, ક્યાંક કામમાં જે પાણી વપરાય તે જ પાણીને સાડીના છેડાથી ગાળીને પી લઇએ. ગરમીમાં તાપને લીધે બહુ જ તરસ લાગે તો જે પાણી મળે તેનાથી તરસ છીપાવવી પડે. હમણાં ગયા અઠવાડિયાની જ વાત કરું તો, રીંગરોડ પાસે કામે ગઇ હતી તે નવી સાઈટ પર ક્યાંય છાંયડો જ ના દેખાય એટલો તાપ લાગે કે ના પૂછો વાત ! એવી ગરમી મગજમાં ચડી ગઇ તે માથું ફાટે ને એવા ચક્કર આવ્યા અને ડાયેરિયા થઇ ગયા તે માંડ માંડ દિવસ પુરો કર્યો. ઘરે આવતાંની સાથે જ દવાખાને જાવું પડયું. ડૉક્ટરે બાટલો ચઢાવ્યો ને દવા આપી ત્યારે થોડો આરામ આવ્યો. ડૉક્ટર કહે, તમને બીપી ઘટી ગયું છે, માટે તમે થોડું સાચવો. લીંબુ સરબત અને ઓ આર એસનું પાણી પીવો અને તાપમાં બહાર નીકળવાનું ટાળો. મેં કહ્યું અમારે એવો આરામ તે શેનો ? મજુરી કરીએ તો અમારા ઘરનો ચુલો સળગે.

લીબુબહેન કહે, અમારે ગામડામાં કાંઇ કામ નહોતું મળતું તે અમદાવાદમાં કામ કરવા આવ્યા ને કડિયા કામ કરીએ છીએ. જ્યાં કામ મળે ત્યાં કામ કરવા જઇએ. સાથે છો'રાઓ હોય તે, કામ કરીએ ને અમારી વાહે વાહે આવતા હોય ને તડકામાં ચાલતા-રમતા હોય. હું તો ગરમી વેઠી લઉં, પણ છો'રાને તો માથે અને શરીરમાં ગરમીને લીધે ગુમડા જેવી ગરમી નીકળી છે. ઉઘાડા પગે રમતા હોય તે પગમાં પણ ફોડલા પડી ગયા છે. આખા શરીરે અળાઇઓ થઇ ગઇ છે.

મારા ઘરવાળા પણ ચણતર-પ્લાસ્ટરનું કામ કરે છે, કામ કરતાં હાથે માલ ચોંટે અને ઉપરથી તડકો લાગે અને ગરમીથી પરસેવો થાય તે એમને પણ આખા શરીરે સિમેન્ટ ઉઠી છે.

નથી સહન થાતી આ ગરમી. બહુ તકલીફ થાય છે આ ગરમીથી. ક્યાં જવું ? શું કરવું ? કંટાળી ગયા છીએ આ ગરમીના પ્રકોપથી.

વસ્ત્રાલ વસાહતમાં રહેતા બાંધકામ કામદાર લીલીબહેન પન્નુભાઇ કહે, હું કડિયાકામ કરું છું. અમારા છાપરા સણિયા અને પ્લાસ્ટીકના બાંધેલા છે તેના લીધે તાપ બહું લાગે. છાપરામાં રહેવાતું નથી. વળી, હમણાં બાળકનું ઓપરેશન કરાવ્યું છે, તે ડોક્ટરે થોડા દાડા દિવસ આરામ કરવાનું કીધું છે. ઘરે તો છું પણ, છાપરામાં ગરમીને લીધે તાપ બહું લાગે છે તાવ આવ્યો છે, શરીર તૂટે છે અને આખું શરીર પાણી પાણી થઇ જાય છે, જેનાથી શરીર પર ના ટાંકા પાકી ગયા છે અને સોજા આવી ગયા છે, તેના લીધે હું બેસી નથી શકતી. દવા લીધી છે પણ ફેર નથી પડતો, હવે મોટા દવાખાને બતાવવું પડશે.

ત્રણ પેઢીનો સંઘર્ષ અને 'સેવા'નો સધિયારો અમદાવાદની જૂની અને જાણીતી દાણાપીઠ શાક માર્કેટમાં વહેલી સવારના ઉજાસ સાથે જ મહેનત નહીં, પણ તનતોડ મહેનતની એક આખી રોજિંદી ઘટમાળ શરૂ થાય છે.

## વાપરો વિચારીને

**વાપરો વિચારીને, વાપરો વિચારીને**
**કયું કાપડ? કયો આહાર? કયું પાણી? વીજળી કઈ?**
**વાપરો વિચારીને...**
**ઝેરી દવા છાંટી તમે ભૂમિ ઝેરી કરી રહ્યા,**
**અન્ન ઝેરી, દૂધ ઝેરી, વ ઝેરી, તેલ ઝેરી,**
**વન-પવન ઝેરી થયાં, જળ જીવન ઝેરી થયાં.**
**વાપરો વિચારીને...**
**ખેતરોમાં ફેરવ્યા ટ્રેક્ટરો ને ટ્રોલીઓ**
**ખેતરોને ફાળવ્યા યુરિયા-એમોનિયા**
**છાણ ગયાં.. ઝાડ ગયાં. ભૂમિ વેરાન થઈ ગઈ**
**વાપરો વિચારીને...**
**ઠેર ઠેર બોર કર્યા, મોટરો અનેક મૂકી**
**૪૦૦૦ વર્ષ જૂનું પાણી બધું ચૂસી લીધું,**
**તોયે તરસ ના છીપી, જીંદગી ધૂળ-ધાણી થઈ.**
**વાપરો વિચારીને...**
**પહેરવેશ એવાં થયાં ખુજલી સઘળે થાય અરે...**
**રંગરેષા એવાં થયાં મલક બધા દૂષિત થયા,**
**રોગ વધ્યા, ભોગ વધ્યા, અકાળે સહુ વૃદ્ધ થયા.**
**વાપરો વિચારીને...**
**વાપરો વિચારીને, વાપરો વિચારીને**
**કયું કાપડ? કયો આહાર? કયું પાણી? વીજળી કઈ?**
**વાપરો વિચારીને...**

આ જ માર્કેટમાં છેલ્લાં ૩૨ વર્ષથી બેસતા કાંતાબહેન કિશનભાઇ પરમાર કહે, ''હું સવારે ૭થી રાતના ૧૦ વાગ્યા સુધી એટલે કે સળંગ ૧૫ કલાક પાથરણાં પર બેસું છું. વહેલી સવારથી દોડધામ ચાલુ થઇ જાય. સવારે ૬ વાગ્યે જમાલપુર માર્કેટ પહોંચી કોથળાઓમાં માલ ભરીને લાવું છું. હવે શાકભાજીનાં બજારમાં ફેરફાર થયો છે. પહેલાં ૬૦થી ૮૦ કિલોનાં આખા કોથળા-ગાંસડી ખરીદવામાં ફાયદો થતો હતો, જ્યારે હવે ૧૦-૧૦ કિલોનાં નાનાં પેકિંગ લેવા પડે છે. માલ પહેલાં જેવો નથી મળતો. અડધોઅડધ માલ નકામો નીકળે છે.

ગરમીને લીધે શાકભાજીમાં માલની માવજત પણ લેવી પડે છે. પાથરણાં પર માલ ગોઠવીએ એ પે'લા પાણીવાળા થેલા પાથરીએ. વળી માથે તાપ આવે પણ માલ તાજો દેખાય એટલા માટે તેના પર સતત પાણી છાંટતા રહેવું પડે. નહી તો, શાકભાજી ચિમળાઈ જાય ને માલ બગડે.

સવારના સમયે જમાલપુરમાં રોકડેથી માલ ખરીદવા માટે ઘણીવાર ઉછીના કે વ્યાજે પૈસા લેવા પડે છે. જો રાત સુધીમાં શાકભાજી ન વેચાય તો માલની ખરીદીના પૈસા ડૂબી જાય, પણ શું કરીએ? ધંધો તો કરવો પડે

ને ! ગરમીમાં લાંબો સમય પાથરણાં પર બેસી રહેવાને કારણે કમર ફાટી પડે છે. ગોઠણની તકલીફ અને સ્નાયુઓની નબળાઈ દેખાય છે.

બાપુનગરમાં રહેતાં કમળાબેન છેલ્લા ૩૦ વર્ષથી બાંધકામ ક્ષેત્રે જોડાયેલા છે. તેઓ ક્હે, અમારે તો સીધા આકાશ નીચે કામ કરવાનું સુરજદાદા એવા તપે છે કે, આ કામ છોડી દેવાનું મન થાય પણ, શું કરીએ ? કામ ના કરીએ તો હાંજે ચૂલો ક્યાંથી સળગાવીએ ? એટલે કામ તો કરવું જ પડે. ગરમીના કારણે લું લાગે છે ગાયનેકના પ્રોબ્લેમ પણ થાય છે. સતત તડકામાં કામ કરવાથી પગના તળિયામાં ગરમી નીકળે છે ને ચામડીના રોગ થાય છે ગરમ સિમેન્ટને ગરમ રેતીના કારણે પગમાં ને હાથમાં ટાંકિયા પડે છે ને ચામડી પર એલર્જી થાય છે. કડીયાકામમાં જે માલ-સામાન વપરાય છે તે લોખંડના હોવાથી તે તપી ગયેલા હોય છે. જેના કારણે હાથ લાલ લાલ થઇ જાય છે ને બળતરા બળે છે. ગરમીના કારણે ખોરાક લેવાતો નથી જો વધારે ખવાય તો પેટમાં ચૂંક મારે છે ને ઝાડા ઊલટી થઇ જાય છે. કોઈ પણ જગ્યાએ કડીયાકામ કરવા માટે જઈએ ત્યાં છાંયડો હોતો નથી. ગરમીના કારણે કડીયાકામ વધારે કરી શકતા નથી અઠવાડિયામાં માંડ મહિનામાં ૧૫ દિવસ કામ કરીએ છીએ.

આજે મારે ૬૫ વર્ષની ઉંમર થઇ, નાનપણથી જ કાગળ વિણવાનું કામ કરું છું, આ શબ્દો હતા ગુપ્તાનગરના કાગળ વિણનાર ઇન્દુબહેનના. ૨૫ વર્ષથી 'સેવા' સાથે જોડાયેલી છું. પહેલાં ડોર ટુ ડોરનું કામ કરતી હતી. હમણાં થોડા વખતથી લાકડિયા પુલ પર કચરો વાળવાનું કામ કરું છું. હું ને મારી સાથે ઉષાબહેન બન્ને સવારથી લઇને સાંજ સુધીમાં પુલના આ છેડેથી પેલા છેડે અને વળી પાછા આ છેડે વાળતા આવીએ. કાળઝાળ ગરમીથી તો બાપા યાદ આવી જાય છે. સવારે ઘરેથી આવીએ જોડે ભાથું ને છાસ લાવું તે રાખું. રસ્તે વાળતા સેવા બેંકે આવે તે ત્યાં પાણીનો બાટલો ભરીએ ને વળી કચરો વાળતા આગળ જઇએ તો પાણી પીએ ને ગરમ લાય જેવું પાણી થઇ જાય. આખા પુલ ઉપર ક્યાંય છાંયડો કે બેસવાની જગ્યા નથી હોતી તે ઉભા રહીને એ જ બાટલાનું પાણી પીવું પડે અને ભૂખ લાગે તે પુલ ઉપર જ વાળતા ત્યાં જ ભાથું ખાઇને વળી સેવામાં ઠંડુ પાણી પીએ તે રસ્તા વાળતા આગળ વધીએ. ગરમીના લીધે આંખો બળે, તડકો બહુ લાગવાથી આંખોય ખૂલતી નથી. માથે સાડીનો છેડો તો હોય જ ઉપર દુપટ્ટો ઠંડો કરીને વીટી રાખું તે થોડી રાહત થાય.

૪૫ વર્ષના કંકુબહેન મેમ્કો પીઠામાં કાગળ વિણવાનું કામ કરે છે. ગયા અઠવાડિયે બહુ ગરમી હતીને કંકુબહેન કામ કરતાં કરતાં અચાનક ચક્કર આવી ગયા ને ત્યાં જ ઢળી પડયા. પીઠામાં કામ કરતાં બીજા બેનોએ ૧૦૮ બોલાવીને તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ લઇ ગયા. ત્યાં તેમને બાટલા ચડાવ્યા અને દવાઓની આપી, સારવાર ઝડપથી મળી તે હવે સારું છે. ડૉક્ટર કહે, ગરમીને લીધે તબિયત બગડી છે.

હવે તો આ ગરમી જાય તો સારું. આ તાપ નથી સહેવાતો. એવો તાપ પડે છે કે જાણે, આખું શરીર બળી જાતુ હોય, એવું લાગે છે. આ વાત કરતાં કલાપીનગરના કાગળ વિણનાર હંસાબહેનના. હંસાબહેન કહે, આ તડકાથી તો ચામડી સાવ સુકી ભઠ થઇ જાય છે. કાગળ વિણીને આવીને તો ખાવું નથી ભાવતું, બસ પાણી અને ઠંડી છાશ પીવાય છે. પગના તળિયામાં તો જાણે, દેવતા મુક્યો હોય એવું લાગે છે. તડકામાં વિણતા વિણતા તો આંખોમાં બળતરા થાય છે, જાણે કે, ભઠ્ઠીમાંથી નીકળ્યા હોય એવું લાગે. શું થાય આ સિઝન જ એવી છે તે સહન કરવું પડે છે અને વળી કામ પણ કરવું જ રહ્યું ને ! ક્યારેક યાદ આવી જાય તે હાથની મહેંદી પલાળી દઉ અને તે પગના તળિયે લગાડી લઉ છું. તે થોડા દિવસ રાહત થાય છે.

પાંચકૂવા કાપડ બજારના માથોડા કામદાર સીતાબહેન અને શારદાબહેન કહે, બપોરના ૧૨થી ૩ તો બહુ ગરમી પડે છે, તે કામ કરવામાં બહુ જ તકલીફ પડે છે. ફેરો નાખવા જવાનો હોય તો વેપારીઓને કહીએ કે, ૩ વાગ્યા પછી ફેરો નાખીશું.

આ ગરમીને લીધે 'સેવા' દ્વારા પાંચકૂવામાં માથોડા કામદારો માટે કૂલીંગ સેન્ટર ખોલ્યું છે જ્યાં બપોરના સમયમાં બેસીને આરામથી ટીફીન ખાઇને થોડીવાર આરામ કરીએ ને વળી પાછા ૩ વાગ્યા પછી પાર્સલ નાખવા માટે જઇએ. આ સેન્ટરમાં અમારા નાના બાળકોને પણ ઠંડકમાં બેસવા મળે છે અને અહી ઓ.આર.એસ.ના પેકેટો આપે છે તે પીએ છીએ અને તડકાથી બચવા માટે ટોપી આપી છે તે પહેરીને કામ કરીએ છીએ, તો ઘણી રાહત મળે છે.

હવે તો આ ગરમીનું કાંક કરો...

**- ગોમતી**

## અતિશય ગરમીના કારણે ખેતી અને રોજગાર પર અસર

ખેતીમાં હાલ બાજરીના પાક કાપણી અને લણણીનું કામ ચાલુ છે. અતિશય ગરમીના કારણે સવારે ૭થી ૧૨ સુધીના સમયે બેનો કામ પર જાય છે અને સાંજના ૪થી ૯ સુધી ખેતીમાં કામ કરે છે. સખત ગરમીના કારણે બેનોનું કામ ઓછું થાય છે, તેથી એક વેળાના ૧૦૦ રૂપિયા મળે છે. આથી આવકમાં ઘટાડો થયો છે.

અતિશય ગરમીનું તાપમાન હોવાથી ખેતીના પાકને નુકશાન થાય છે જેથી ઉતારો ઓછો થાય છે, તેથી રોજગારી પર અસર થાય છે ને આવક ઓછી થઇ છે.

શાકભાજીની ખેતીમાં ગવાર, ચોળી, રીંગણ, ટીંડોડાના વેલા ગરમીના કારણે બળી જાય છે, જેથી ઉતારો મળતો નથી. પહેલાં ૨ દિવસે મળતી આવક હવે ૪ દિવસે મળે છે. શાકભાજીમાં મળતું પાણી પણ ગરમીના લીધે બળી જાય છે. તેથી પાકને પણ નુકશાન થાય છે.

ગરમીથી પશુઓ પણ બેહાલ છે. પશુનું દૂધ બળી જાય છે. દૂધનો ઉતારો ઓછો થઈ ગયો છે. પહેલા આવક ૧૦ દિવસની ૨૦૦૦ કે ૧૫૦૦ રૂ. મળતી હતી, તેમાં હવે ૫૦૦ રૂ. ઓછી આવક મળે છે. પશુઓની રહેઠાણની જગ્યાએ ઘાસચારો-પંખો-પાણીનો છંટકાવ ઘડી ઘડી કરવામા આવે છે. જેથી પશુઓને ઠંડક મળે.

## વધારે ગરમીથી પશુઓનું થતું મરણ

આણંદ જિલ્લાના સુણાવ ગામના આગેવાન પુષ્પાબેન કહે, અમારા બાજુનું બાંધણી ગામના સભ્યબહેનના ઘરે ૩ ગાભણ ભેંસો ગરમીના કારણે મરી ગઈ. તબેલામાં બાંધેલી ગાભણ ભેંસ અને તેનું ૨ વર્ષનું બચ્ચું હતુ. ગાભણ ભેંસ વધારે ગરમીના લીધે કમજોર થઈ ગઈ હતી, તેથી તે તબેલામાં પડી ગઇ જેનાથી સાથે બાંધેલું તેનું બચ્ચું દબાઇ ગયું અને પેટમાં જે બચ્ચું હતુ તે પણ મરી ગયું. સભ્યબહેને ડોક્ટરને બોલાવ્યા જેમને ભેંસોને મૃત જાહેર કર્યા. આમ ત્રણેય ભેંસો એકસાથે મરી ગઇ.

દાવોલ ગામના રંજનબહેન કહે, અમારા ગામમાં વધારે ગરમીના લીધે ૨ ગાય ગરવઈ અને મરી ગઈ. એક ગાય ૫ મહિના ગરવઈ થઈ અને મરી ગઈ. તો બીજી ગાય ૨ મહિનાની ગાભણ હતી તે મરી ગઈ.

માનપુરા ગામની વાત કરતાં સુધાબહેન કહે, આકરા તાપને લીધે હમણાં થોડા દિવસ પહેલાં આપણા સભ્ય લીલાબહેનના પતિ કાભઈભાઈનું ગભરામણ થવાથી મોત થયું. ઘરેથી દવાખાને લઈ જતાં રસ્તામાં જ ગુજરી ગયા.

આંકલાવ ગામની વાત કહેતાં આગેવાન લીલાબહેન કહે, આ વર્ષે તો જાણે, ગરમીએ તો માઝા મૂકી છે. ગામના ખેતમજુર મધુબહેનના પતિ ટીડોડા વિણીને આંબાના ઝાડ નીચે બેસીને ટીડોડા સમા કરતા હતા, ત્યાં તેમને ગભરામણ થયું અને મધુબહેન દવાખાને લઈને ગયા ત્યાં ડૉક્ટરે કીધુ કે, તેમને એટક આવ્યો હતો જેથી તેમનું મૃત્યુ થયુ છે.

અતિશય ગરમીમાં બેનો ખેતી કામમાં જાય ત્યારે જાડા-ઊલટી, ચક્કર-માથું દુઃખવું, ગભરામણ થવી, પેશાબમાં બળતરા થવી જેવી તકલીફો થાય છે.

પેટ્રોલ-ડીઝલમાં જોઇએ તો, ખેતી કામમાં ટ્રેક્ટર-થ્રેસરમાં પેટ્રોલ-ડીઝલ વપરાય છે હમણાં તેની અછતના કારણે સમયસર મળતા નથી. આથી ખેતીના કામમાં અસર પડે છે.

**- અલ્કા શાહ,**
**જિલ્લો આણંદ**

❑

## મજૂરીનો ખર્ચેય માથે પડયો

મોરબી જિલ્લાના હળવદ તાલુકાના મયાપુર ગામના વતની ઉર્મિલાબહેન, ૩૦ વર્ષથી ખેતી કામ કરે છે. તેમની સાથે વાત કરતાં તેમને પોતાના સંઘર્ષની ગાથા કહી. તેઓ કહે, મારા પતિને ૫ વર્ષથી પેરાલીસીસ થઈ ગયો છે, તેથી તેમનો એક હાથ કામ નથી કરતો. માટે ખેતીનું મોટા ભાગનું કામ મારે જ કરવું પડે છે. આ વર્ષે ખૂબ જ તડકો પડ્યો અને તેના કારણે ખેતીમાં ઘણું જ નુકશાન થયું છે અને ખેતીકામ કરવાના સમયમાં પણ ફેરફાર કરવો પડ્યો. અમે ઉનાળુ તલ અને ચાસટીયાનું વાવેતર કર્યું છે, આ ઉનાળે અતિશય તાપ અને ગરમ હવા લાગે છે, એટલે બપોરે કામ નથી કરી શકતા, તો પણ કામ કરવું પડે છે, અમારો પાક તો બચાવવો પડે ને! જો ના કરીએ તો નુકશાન થાય તો ખાવું શું ? અને બધાના ખર્ચા કાઢવા પડે અને વળી, આ મોંઘવારીનો સામનો કરવો અઘરો પડે છે એટલે અમને તો બન્ને બાજુથી માર પડે છે.

અમે તડકાના કારણે કામ કરી શકતા નથી એટલે સવારમાં ૪ વાગ્યે વહેલા ઊઠવાનું અને ઘરનું કામ કરીને ૬ વાગ્યે ખેતરે જતા રહીએ, ૧૧:૩૦ વાગ્યા સુધી ખેતીનું કામ કરી અને પછી ઘરે આવી ઘરનું કામ કરીએ. પછી સાંજે ખેતરે જઈએ અને ખેતીનું કામ કરીએ. તડકો ઘણો છે તેથી તડકામાં પાણીની જરૂર વધારે પડે. હાલમાં સરકારે કેનાલ બંધ કરી દીધી છે, એટલે તલમાં પાણી અપાતું નથી, તે અમારે તલ સૂકાઈ ગયા. જે ખાતર બિયારણ મજૂરીનો ખર્ચ કર્યો હતો તે બધો માથે પડ્યો. તે અમારે ઘણું નુકશાન થયું છે.

માટે અમે રાત્રે પાછા ખેતરે જઈએ અને જે થોડું કેનાલના નીચે પાણી પડ્યું હોય તે મોટર ચાલુ કરીને પાણી તલમાં પીવડાવીએ, પણ પાણી થોડું થોડું જ આવે કેમ કે, કેનાલમાં જ પાણીના હોય તો કઇ રીતે પાણી મળે ? પણ તોય અમે પ્રયત્ન કરીએ. કંઇક કરતાં અમારા તલનો પાક બચી જાય તો ! પણ કુદરત રૂઠી છે. ગરમીના કારણે તલ સાવ બળી ગયા. વધુ તાપને લીધે જમીનમાં ભેજનું પ્રમાણ ઘટી ગયું અને જમીન ખરાબ થઇ ગઇ. તેથી અમે તલનો પાક પૂરો કરી શકતા નથી અને બીજુ કે, કપાસ વાવવાનો છે, તે તેની પણ ચિંતા છે.

કેમ કે, તલ થાય, તેનું વેચાણ થાય, પછી જે પૈસા આવે તેમાંથી કપાસ વાવવાનો વિચાર હતો. પણ ગરમીના લીધે અમારી ખેતી સાવ ખોરવાઈ ગઈ, ને ઘણી મુશ્કેલી આવી પડી છે. હવે તો ખેતી કઈ રીતે કરવી ? તે અમને સમજાતું નથી. દિવસે ને દિવસે અમારા માટે ખેતી મુશ્કેલ બનતી જાય છે. આ મુશ્કેલીનો સામનો કરવા ઘણું બધું નુકશાન વેઠવું પડે છે. ખબર નહી, હવે કેનાલ ક્યારે ચાલુ થાય તો અમે કપાસની વાવણી કરી શકીએ ! આ આકરા તાપને લીધે જમીન સૂકી ભઠ જેવી થઇ ગઇ છે. ખેતરમાં બિયારણ વાવીએ તે ય બળી જાય છે. તડકાના કારણે મોડુ વાવેતર કરીએ, તે વળી એમાય રોગ લાગે, જીવાત વધારે થાય, એના લીધે આગળનો પાક લઈ ના શકીએ અને ખર્ચા પણ વધારે થાય.

આમ વધુ ગરમી નુકશાન કારક છે જેને લીધે ખેતી કામ અમે સમય સર નથી કરી શકતા. તડકાની સામે કઈ રીતે ટકી રહેવું, થોડા ઉપાયો કરીએ છીએ. જેવાં કે, ખેતી કામમાં અમે કોટનના કપડા પહેરીએ છીએ. આખી બાયના શર્ટ પહેરીએ અને માથે દુપટ્ટો રાખીએ છીએ. સાથે સાથે દર ૩૦ મિનિટના સમયે પાણી પીએ છીએ. અમે પાણીના ગોળાને તેમજ પાણીની બોટલને કોટન કે કંતાનથી વીટાળીને રાખીએ છીએ જેથી પાણી ઠંડુ રહે.

અમારા ખેતર ફરતા ઝાડ વાવીએ છીએ જેથી હવા ચોખ્ખી

રહે, સાથે પશુ-પંખીના માળા અને તેમને પીવાના પાણીના કૂંડા પણ મૂકીએ છીએ.

વળી, સુરેન્દ્રનગર જિલ્લાના સેડલા ગામના જહુબહેન સાહેબખાન મલેક કહે, હું ૩૫ વર્ષથી ખેતી કામ કરું છું. મારે પાંચ એકર જમીન છે. તેમાં મેં ઉનાળુ પાકમાં પશુ માટે ઘાસ ચારો વાવેલ હતો જે, ગરમીને લીધે બળી ગયો છે. અમારે છ પશુ છે.

આ વખતનો ઉનાળો તો જાણે બાળી નાખતો હોય તેવો તડકો લાગે છે. ગરમીથી લૂ લાગે છે. આપણે માણસ તો ગમે તેમ કરીને પોતાનું ગુજરાન ચલાવી લઈએ પણ અબોલ જીવ પ્રાણીનું શું થાય ? તે આખો દિવસ તડકામાં રહે ને બિમાર પડી જાય તે એના માટે દાખતરને બોલાવીને સારવાર કરાવી પડે. વળી પશુને વગડામાં મોકલતા તો વગડામાં કઈ ખાવા ના મળે, જેમ ગયા હોય તેમ પાછા આવે. ઘરે આવે તો ફળીયામાં સેડ બનાવેલા છે, ત્યાં પણ એટલો જ તડકો લાગે. વધુ ગરમીને લીધે પશુ દૂધ ઓછું આપે છે. પહેલાં એક પશુ દિવસનું ૧૪ લીટર દૂધ આપતું, તે હવે ૧૧ લીટર દૂધ આપે છે, એટલે ૩ લિટર દૂધ ઘટી ગયું છે.

અમે હમણાં પશુની ગમાણ એકદમ ચોખ્ખી કરીને ત્યાં સેડ બનાવીને ફુવારા ગોઠવી દીધાં છે, જેથી બપોરે તડકો ઓછો લાગે ને કૂલર જેવી ઠંડકથી પશુને ઘણી શાંતિ થઈ ગઈ છે. હવે પહેલાં જેવા પશુ બીમાર પડતા નથી. માટે હું તો કહીશ કે, જેમ આપણે આપણી સાર-સંભાળ રાખીએ છીએ તેમ જ આપણા પશુની પણ સંભાળ રાખવી જોઈએ.

**- ગીતાબેન, જિલ્લો સુરેન્દ્રનગર**

❑

## રણની આગ વચ્ચે હવે અમને આશાનો ઠેરો મળ્યો

પ્રભાબહેન બચુભાઈ કહે છે, 'છેલ્લા ચાર—પાંચ વર્ષથી રણમાં એવો અતિશય તાપ પડે છે કે, જાણે સૂરજદાદા આકાશમાંથી નીચે ઊતરી ગયા હોય!' તપતા રણમાં મજૂરી કરીને જ અમારા દિવસો પૂરા થાય છે. બપોરે રેતી આગ સમી ધધકે છે અને પીવાનું પાણી પણ કાવા જેવું ગરમ થઈ જાય છે. ઠંડું પાણી લેવા ગામ સુધી જવું પડે, જેમાં સમય અને ખર્ચ બંને થાય.

આ વર્ષે અતિશય ગરમીના કારણે રણના કૂવાઓમાં પાણી પણ ખૂબ ઓછું થઈ ગયું. ઉપરથી આવેલાં વાવાઝોડાંમાં અનેક અગરિયાઓની સોલાર પેનલો તૂટી ગઈ. નવી પેનલ ખરીદવી શક્ય નહોતી અને ડીઝલ પણ મળતું નથી. આવી પરિસ્થિતિમાં નાના રણમાં ઘણા પરિવારોના મીઠાંના ઉત્પાદનમાં અંદાજે ૧૦૦થી ૧૫૦ મેટ્રિક ટન જેટલો ઘટાડો થયો છે.

મીઠાંના ટ્રાન્સપોર્ટ માટે પણ ડીઝલ ન મળતા હાલ પરિવહન બંધ જેવી સ્થિતિ છે. હવે અચાનક વરસાદ આવી જાય તો રણમાંથી મીઠું ઉપાડી શકાશે નહીં અને ભારે નુકસાન થવાની ભીતિ છે.

આ બધી મુશ્કેલીઓ અમે અમારી ધંધા સમિતિમાં રજૂ કરી. ત્યારબાદ અમે 'સેવા' પાસેથી સોલાર પંખા અને તંબુ લીધા સાથે 'સેવા' દ્વારા સોલારથી ચાલતા બે ફ્રિજ પણ મૂકવામાં આવ્યાં. તેને અમે 'અમૃત કુંભ' નામ આપ્યું છે. હવે રણમાં જ ઠંડું અને સ્વચ્છ પાણી મળે છે. શાકભાજી અને રસોઈ પણ સલામત રહે છે. આસપાસના પરિવારો પણ તેનો લાભ લઈ રહ્યા છે.

તંબુ અને સોલાર પંખાની સુવિધાનાં કારણે અતિશય ગરમી, ઠંડી અને માવઠાં વચ્ચે પણ થોડો આરામ અને સુરક્ષાની લાગણી થાય છે. પહેલાં જમીન પર સૂવાથી જીવજંતુનો ભય રહેતો, હવે રાત્રે શાંતિથી ઊંઘી શકાય છે. રણની આગ વચ્ચે હવે અમને આશાનો ઠેરો મળ્યો છે. અમારા ઈલાબેનને કોટી કોટી વંદન ! કે, અમારા જેવી મહિલા કામદાર બહેનોને સંગઠિત કરી દેશ અને દુનિયા સુધી અમારા કામની ઓળખ ઊભી કરી.

**- લક્ષ્મીબેન,**
**જિલ્લો સુરેન્દ્રનગર**

❑

## કાળઝાળ ગરમી સાથે તાલમેલ સાધતાં શ્રમજીવી બહેનો

દહેગામ તાલુકાના મીઠાના મુવાડા ગામમાં ખેતી કામદારોના આગેવાનોની ધંધા સમિતિ થઇ. તેમાં બહેનો સાથે ગરમીને ગરમવાતો માહોલ બન્યો તેની ચર્ચા જોઇએ.

મીઠાના મુવાડા ગામમાં અંદર જવાના રસ્તે ઝાડો ઘણાં તે પણ લીમડા. છાંયડો ઘટાદાર. દરેક ઘરની આજુબાજુ નાના મોટા ઝાડ કે છોડ તો જોવા મળે. ઘરની આજુબાજુ લીલા કપડાં કે સાડીઓ બાંધેલી જોવા મળે. ઠંડક તો છાંયડાની મળે પણ બહેનો એ સિવાય બીજા ઘણાં ઉપાયો અજમાવે.

લીમડાના છાંયડે ગરમીની વાત કરતા નિશાબહેન કહે કે, 'મારે ઘરે તો ઢોરા. ગરમી ટાણે ભેંસોને નીરવાનું શું ? ગરમીમાં તો લીલો ઘાસચારો ગોતયો ના જડે. ખાણદાણ તો નીરીએ, પણ ભેંસો ખાય નઇ ને પાસું દૂધ ઓછું આપે. પેલા ધડાકે આવક ઘટે. ઈ પાછી બિમાર ના પડે ઈ માટે તો નાનાં બાળકની જેમ હાચવીએ. ઈને ઝાડનાં છાંયે બાંધીએ. પાણી વધારે પાઇએ. ઈની બેસવાની જગામાં પણ ડોલ ભરી ભરીને પાણી છાંટીએ. આકરો તાપ હોય તો કંતાનના કપડાં બાંધીએ. ઈની પર થોડી થોડી વારે પાણી છાંટીએ. પાણી તો રેલે જાય. અમારા ગામનાં મૂળુબા તો ઈમની ભેંસને ગરમી ના લાગે ઈ માટે બપોરે ભેંસની છેટેથી પંખો ચાલુ રાખે. ઘરની આજુબાજુની સાથે ઢોરા બાંધવાની જગાએ પાણી છાંટીએ. ખાડામાં પાણી ભરીનેય ઢોરાને બેહાડીએ. ઈમ કરતાં ટાઢક વળે.'

કુંવરબહેન તરત બોલ્યાં, 'પશુની હારે ખેતીનું કામ તો કરવાનું. સવારમાં વેલા પોકી જઇએ ખેતરમાં ઘાસ વાઢવાનું કામ પતાવીએ. ખેતરની ચારે કોર પાળો કરવાની હોય તો ઈ તો માથે તાપ આવતા

પેલા કરી દઈએ. નહીંતર સાંજે જઈએ. કોક વાર વેળા વધી જાય તો માથે કપડું ઢાંકીને કામ કરવું પડે. પેટનો ખાડો પૂરવા ખેતરના ખાડા ખોદવા પડે... ઈમાંય જો કોકના ખેતરમાં દાડી જવાનું આવે તો ટાઢા પોરે નીકળીને કામ કરી આવીએ. હવારે સાત વાગ્યે તો ખેતરમાં હડી કાઢીએ. અગિયાર વાગતા તો કામ પરવારીને આવીએ. કોક વાર વેળા વધી જાય તો ઘરે આવતાં તો ચક્કર આવી જાય. પાણી તો પી પીને પેટ ઢમઢોળ થઈ જાય. ખાવાનું તો ભાવેય નહિ.'

'લો મારી કાલની જ વાત કરો ને !' એમ કરતાં ઈન્દિરાબહેન બોલ્યાં, 'કાલે ખેતરમાં શાક વેણવા ગઈ તી... વેણતા વેણતા તો માથું ગરમ લાય, આંખે અંધારા આવી જ્યાં. ગરમી જ એવી. ચારે કોરથી ગરમ લાય વાયરો આવે... કાંઈ સૂઝે નહી, પાણી તો ઘડી ઘડીએ પીવું... મારા ગામનાં દવાખાનેથી ઓ.આર.એસ.ના પડીકા લાયા તો તે પીધા... મજૂરી તો ગરમીમાં આકરી પડે પણ જઈએ નય તો ખાઈએ શું ? ઘર ક્યાંથી હેડાડવાનું...? ઘેર આવતા આવતા તો શરીરે લાય ઝરે... શરીરમાં ખંજવાળ બહુ આવે. તાપને કારણે ચામડીમાં બળતરા જબ્બર થાય.'

સંજીવનીબહેન બોલ્યાં કે, 'મારે તો ઘરનું જ કામ કરવાનું. ઈમાંય બે છોકરાને હાચવવાના. પતરા વાળું ઘર. બપોરે તો પતરા એવા તપે કે કયાં જવું સૂઝ જ ના પડે. ગરમી પડે એવા તરત પતરા પર ઘાસ મૂકીએ, ઘરના દરવાજે લીલા કંતાન લટકાવીએ. કાંક ટાઢક થાય. બાળકોને શાળામાં વેકેશન. ઘરમાં જ પરસેવે રેબઝેબ થઈ જાય. બાર રમવા મોકલીએ તો માંદા પડે, તાવ, ઊલટી, ચકકર આવે.. ઘરમાં જ રાખીએ. પાણી તો અધધધ જાય. પાણીનો સોશ એટલો પડે કે પાણી પી પી જ કરીએ. માટલાની કોરે ભીનાં કપડાં બાંધીએ. પાણી ઠંડું તો થાય, તોય ગરમલાય પાણી થઈ જાય. સાંજ પડે એટલે થોડી હાશ થાય ઘરમાંથી બાર જઈએ. રાતે તો હેય ને ખાટલા પાથરીને સૂઈ જઈએ. બપોરે તો બાપલીયા બોલાઈ જાય. ગરમીએ તો ભારે કરી છે. ના રહેવાય કે ના સેહવાય. મારા ગામમાં તો રીટાબહેન આવે એટલે ગરમીમાં શરીર ને છોકરાં હાચવવાની વાત કેતા જાય. આ વખતે તો અમને ઓ.આર.એસ.ના પેકેટ ય આપેલાં.'

આ બધી ચર્ચા સાંભળી ૭૦ વર્ષનાં ચંદાબહેન બોલ્યાં કે, 'અમારા બાપદાદા એવું કહેતાં કે, તાંબા વરણી જમીન થાશે, લોકો ચાલી નહી શકે. આઈ એવી વેળાય. હાચે જ એવી જ વેળા આવી છે અતારે. સો ટકા હાચી વાત પડી ઈમની.'

### ગામમાં સાથે મળીને કરવા જેવાં કામો

તરત જ સોનલબહેન બોલ્યાં કે, 'બધાં સાથે મળીને ઝાડ રોપીશું. મારી ઘરની આગળ તો ઘટાદાર લીમડો તો છે. આજુબાજુ નાનાં નાનાં છોડવા વાવીશું... હેય ને થોડા મોટા થાશે ને છાંયડો ને આંખને ટાઢક આપહે. મોગરાનો છોડ વાયો તો ઘરની બારે આવે ને સુગંધ સુગંધ થાતી, ગરમીમાં સુકાઈ ગયો. પાછો ગુલાબ ને ગોટો વાવીશું. આજુબાજુના બેનો પાહે વવડાવીશું. ગરમી ઓછી તો થાહે.

અમારા ગામના સરપંચભાઈએ તો ગ્રામસભા ભરી' તી. બધાંને બોલાયેલા. હું ય ગઈ' તી. ઈમાં નકરી ગરમી ને પાણીની જ વાતો થઈ. ગામની ભાગોળે, બસ સ્ટેન્ડે, પંચાયતની બારે માટીની પાણીની કોઠીઓ, માટલાં મુકાયા. લોકો પાણી પીવે ને હાશકારો કરે. મારા તો ઘરની આગળ લીમડાની ડાળે પક્ષીઓને દાણા ને પાણી પણ મેલ્યાં સે.. જીમના ઘરે જગા સે બધાએ આ કર્યું છે. બચારા મૂંગા જીવોને પણ ગરમીમાં હાશ થાય. કોક અજાણ્યું ગામમાં આવી ચઢે ને તો ઈને પાણીની પરબમાંહી પાણી મળી જાય.'

છોડવાની વાત નીકળતા જ રોશનબહેન બોલી ઊઠ્યાં, 'મારા ઘરની પછાળ ઝાઝી જગા. ઈમાં હું ફૂદીનો, કોથમરી (લીલા ધાણા), લીલી ચા, મેઠો લીમડો, કુવાર પાઠુ વાયુ સે. તમે હું કો એને કીચન ગાર્ડન. બારેમાસ લીલુંછમ. આવતા જતા બધાં જરૂર હોય તે લેતા જાય. લીમડાની ડાળે તો નાનું કુડું બાંધ્યું સે ઈમાં રોજ પાણી વેડવાનું. ચકલીઓ આઈને પીવે. ઈમાં જ નીચે મોટા કુડાં મૂક્યાં સે તો ખિસકોલીય પાણી પીવા આવે. રોજ પાણી પાવડાવાનું તે પુણ્યનું કામ સે આતો.'

**- તારા નાયક,**
**જિલ્લો ગાંધીનગર**

❑

## ગરમીની સામે ટકી રહેવા આવા ઘરગથ્થું ઉપચાર કરીએ...

હું ભરત કામદાર બહેન છું અને પશુપાલનનું પણ કરું છું. મારી પાસે બે ગાય છે. હું ખારડીયા ગામ, તા. નખત્રાણાની વતની છું. ગરમીની તો શું વાત કરું ? જાણે, અગન જાળ લાગી હોય તેવું લાગે છે. વધારે તાપને લીધે ભરતકામ પણ કરવા બેસું તો જોઈએ એટલું કામ કરી શકતી નથી. ગરમીના કારણે વહેલી સવારે ઘરનું કામ ૧૦ વાગતા પૂરું કરી દઉં છું. પછી બે કલાક જ ભરતકામ કરી શકું છું. ઘરમાં પંખો છે, પણ ગરમ પવન આવે, તેથી ઘરમાં પણ રહી શકતી નથી.

એટલે મેં ભૂંગો રાખેલ છે. તે ભૂંગામાં બેસીને ભરતકામ કરું છું. વેકેશનમાં મારા ઘરે ભાણી-ભાણિયા આવ્યા છે. તે એમને પણ આ ભૂંગામાં રમે છે. બહાર ઝાડ નીચે બેસીએ તો કીડી-મકોડાનો ત્રાસ વધી જાય ને લાલ કીડીઓ તો ચટકા ભરે છે. તડકામાં વાસણ કરવા બેસીએ તો ચામડી બળી જાય. મારા ઘરે મારાં દાદીમા છે, તેઓ વાત કરે કે, ''વર્ષો પહેલાંની ગરમી ને અત્યારની ગરમીમાં બહુ ફેર છે. પહેલાં તડકા હતા પણ આવા ન હતા.'' આવી ગરમીમાં કામ ન થવાથી આવકમાં પણ ફેર પડે છે, ભરતકામ પૂરું નથી કરી શકતી.

પહેલાં મહિને ૩૦૦૦ રૂપિયાનું ભરત ભરતી હતી, અત્યારે હું હજારથી બારસો રૂપિયાનું ભરત ભરું છું. મારા ઘરવાળા ટ્રક ચલાવે છે. અત્યારે ડીઝલની માથાકૂટ છે તેથી તે એક દિવસ જાય ને ચાર દિવસ ઘરે હોય. તેમનો પગાર પણ ઓછો આવે છે. અત્યારે ઘર ચલાવું મુશ્કેલ થઈ ગયું છે. મારા ઘરવાળા ઘરે હોય ત્યારે માટીકામ કરવા જાય પણ તે

બેથી ત્રણ કલાક કામ કરે. ત્યાંથી દરરોજ ૨૦૦ રૂપિયા લઇ આવે એમ કરીને મહિને ૬,૦૦૦થી ૭,૦૦૦ રૂપિયાની આવક મળે છે.

ગરમી વધારે પડતી હોવાથી મેં મારા ઘરની આજુબાજુમાં આસોપાલવ અને લીમડાના ઝાડ પણ ઉગાવ્યા છે.

આ ગરમીની સામે ટકી રહેવા આવા ઘરગથ્થુ ઉપચાર કરીએ છીએ. ગરમીથી અરૈયો (અળાઇ) શરીર પર થાય. તે મટાડવા માટે હું ગુલાબજળનું પાણી શરીર પર લગાવું છું. બાળકોને પણ નાઈને પાઉડર લગાવી દઉં છું. કાચી કેરીનું શરબત બનાવીને પિવડાવું છું. હું પોતે પણ વરિયાળી-કેરીનું શરબત પીઉં છું અને સ્વસ્થ રહું છું.

**- પ્રસનબા જાડેજા,**
**જિલ્લો કચ્છે**

❑

## એક ટકની મજુરી માંડ મળે

છોટાઉદેપુર જીલ્લાના ધોળીવાવ ગામની વતની છું, હું એક ખેત મજુર અને પશુપાલક બેન છું, આ શબ્દો હતા શુશીલાબેનના. ગરમીના કારણે પશુઓને ઝાડના છાયડામાં દિવસે અને રાત્રે તબેલામાં રાખુ છું. પશુઓનો ઘાસચારો હું ખેતરમાંથી લાવું છું. પરતું વધારે ગરમીના લીધે પશુઓને લીલો ઘાસચારો પૂરતા પ્રમાણમાં મળતો ન હોવાથી દૂધમાં ઘટાડો જોવા મળે છે. જેથી અમારી રોજગારી ઉપર મોટી અસર પડે છે. ગરમીમાં હું ખેતરમાં કામ કરવા જાઉં ત્યારે લીંબું પાણી સાથે રાખું છું જેથી તરસ ઓછી લાગે અને શરીર પણ સારું રહે.

હું જ્યારે ખેતરમાં પશુઓ માટે ચારો લેવા જઉં છું ત્યારે સુતરાઉ કાપડનો ઉપયોગ કરૂ છું અને ઝાડના છાયડા નીચે થોડી થોડી વાર બેસી અને ફરી ઘાસ કાપૂ છું. જેથી કરીને ગરમી થોડી ઓછી લાગે અને માથાનો દુ:ખાવો પણ ઓછો થાય.

અમે સવારે વહેલા અને મોડા ખેતરમાં પશુઓ માટે ઘાસચારો લેવા જઈએ છીએ. ગરમીના લીધે પશુઓમાં દૂધ ઉત્પાદનનું પ્રમાણ ઘટી જાય છે. જેથી ખેતી અને પશુપાલનમાં નુકશાન થાય છે. ગરમીથી બચવા માટે હલકો ખોરાક લઈએ છીએ. જેવાં કે કાકડી, ટેટી, દ્રાક્ષ જેવાં ફળો જેમાં વધુ પાણી હોય છે.

શુશીલાબહેનની વાતમાં વાત જોડતા ખેત મજુર શારદાબહેન કહે, આ ગરમીના લીધે ગામમાં કોઈના ય ખેતરમાં મજુરીએ જાઉં તો પુરતી રોજગારી મળતી નથી. કારણ કે વધારે તાપના લીધે બપોર પછી ખેતરે જઈ શકાતું નથી, તેથી એક ટકની મજુરી માંડ મળે. ગરમીથી બચવા માટે માથે રૂમાલ કે કોટન કપડું બાંધુ છું અને થોડી થોડી વારે ઝાડના છાયડે જઇને બેસીએ ને વળી કામે લાગીએ. આથી પરિવારનું ગુજરાન ચલાવવું અઘરું પડે છે.

વધારે ગરમી પડવાથી શરીરને નુકશાન થાય છે. બી.પી. વધવુ, ચક્કર આવવા, થાક લાગવો જેવી તકલીફો વધી જાય છે. જેથી લીંબું પાણી, નારિયેળ પાણી, શેરડીનો રસ, તડબૂચ, ટેટી જેવા ફળો ખાઈએ છીએ. જેથી શરીરમાં પાણીનું પ્રમાણ ઘટી ના જાય.

**- પૂર્ણિમા,**
**જિલ્લો છોટાઉદેપુર,**

❑

## ગરમીથી આપણા કામ પર થતી અસરો

હું મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ગણેશપુરા ગામની વતની છું. મારું નામ સોનલબહેન જગદિશભાઈ ઠાકોર છે. હું સેવાની સભ્ય છું. ખેતમજૂર, પશુપાલનના ધંધા સાથે સંકળાયેલી છું. હું સંયુક્ત કુટુંબમાં રહું છું. અમો ઘરના કામ સાથે ખેતરના કામ કરીએ. હાલ ગરમીના કારણે ઘરના કામમાં તેમજ ખેતીના કામમાં સમયનો ફેરફાર થઈ ગયો છે. સવારે વહેલા ૫ વાગે ઉઠીને દૂધ દોવાનું તેમજ ચાર નાખવાનું કામ કરીએ. ડેરીએ દૂધ ભરાવીએ પછી ખેતરે સવારે ૭ વાગે જઈએ અને ૧૦ વાગે ઘરે આવીએ નાહીને પછી જમવાનું બનાવીએ પછી ખાવામાં તો અમે હલકો ખોરાક લઈએ છીએ. જેમ કે રોટલી શાક બનાવીએ પણ છાસ વધારે પીવાય છે ૩ રોટલીની જગ્યાએ ૨ રોટલી માંડ ખવાય. બપોરે ૩ વાગે ખેતરે જતા એના જગ્યા એ ૫ વાગે જઈએ આમ, ખેતરના કામમાં અમારે ૨ કલાકનું નુકસાન થયું છે. ભેંસ દિવસનું ૬ લીટર દૂધ આપતી જે ગરમીને લીધે ૪ લીટર દૂધ આપે છે. સવારે ૨ લીટર અને સાંજે ૨ લીટર આપે. ૧ લીટરના ૮૦ રૂ. લેખે દિવસના ૫૨૦ રૂ. દૂધની આવક ઘટી. ઘાસચારો થતો નથી. પાણી વાળીએ તો પણ સુકાઈ જાય છે. ૨ દિવસેને ૨ દિવસે પિયત કરીએ પણ થતું ને થતું બળી જાય છે. આની સાથે ૧૦૦ નંગ બાજરીના પૂળા રૂ. ૧૭૦૦ના લીધાં. ઘરના ખેતરમાં ના થયું તો વેચાતી લાવવી પડી. એક પોટકી લીલી ચાર ખાઈ જાય પણ હાલ ગરમીના કારણે ૨ પૂળા નાખીએ તો બગાડ થાય જેમ આપના ને ગરમી માં ખાવાનું ના ભાવે એવું ધોળાં ને પણ ખોરક ઓછો થાય પાણી વધારે પીવે. પીવાનું પાણી ૩ ગોળા ભરીયે તો પણ પાણી ખૂટે બાટલા, ગોળી ભરીને મુકીએ. એટલે પાણીનો વપરાશ વધી ગયો. ગામમાં બે વાર પાણી આવે છે. ઘરનું કામ પણ વધે, વેકેશનમાં મહેમાન આવે નાના બાળકો ઘરમાં રહે. રમવા જતા નથી. મોબાઈલ જોવે, કોડિઓ રમે. રાત્રે ઉંઘના આવે તો અમો લીમડા વાવેલા હતા તેના નીચે ખાટલામાં બેશીએ. ગલ્લામાં તાજી શાકભાજી, દૂધ બગડી જાય અને શાકભાજી ચીમડાઈ જાય તો રોજના ૧૫૦થી ૨૦૦ રૂ. માંડ મળે. કોઈ શાક લેતું નથી તો અડધા ના અડધા ભાગનું નુકશાન છે, કેવી રીતે ઘર ચલાવવું તે ચિંતા થાય છે.

ગરમીના કારણે મારા સાસુને તાવ આવતો, ચક્કર આવતા હતા. ઘરનો ઉપયોગ કરીયો, લુ લાગી છે, ચડ ઉતરનો તાવ કળતર થાય પછી દવા લેવા લઇ ગયા તો એક દિવસ હોસ્પિટલમાં સવાર થી સાંજ સુધી રાખીયા તેમના રીપોર્ટ કર્યા તેઓને બાટલા ચઢયા અને દવા આપી તો કુલ ૫૦૦૦ રૂ. વપરાયા. હાલ તેમનું પણ ધ્યાન રાખવું પડે, મને પણ થાક લાગે. ગરમીના કારણે બહુ સાચવવું પડે છે. મારા કાકાના ખેતરમાંથી લીંબુ લાવીને શરબત બનાવી પી લઇએ છીએ.

ખેતીમાં જોઇએ તો, ઘઉં બાજરી વાવે તો તે બિયારણના ૨૦૦૦

રૂપિયા ખર્ચ થાય, તેમાં યુરિયા ખાતર નાખે તો તેમાં ૫૦૦ રૂપિયા ખર્ચે, પાણીનું પિયત કરે અને જાતે મજૂરી કરે તો પણ તેમને કશું મળતું નથી. કેમ કે, ઘઉંનો ભાવ માર્કેટમાં ૬૦૦ રૂપિયા પડે છે અને એમને ૪૦૦થી ૪૫૦ ભાવ જ માર્કેટમાં ભરી આપે છે તેની સાથે લટકા બાજરી એક કિલો બિયારણના ૪૦૦ રૂપિયાની ખરીદી કરે છે, એમાં પણ આ જ મુજબ ખર્ચ કરવો પડે છે. વળી અણધારી આફતની સામે ખેડૂતને શું મળે ? નુકસાન જ થાય છે. ''ખેડૂત ભૂખ્યો અને ભૂખ્યો'' કહેવત છે તે, સાચી છે. કેમ કે, ખેડૂત ગમે તેટલી મહેનત કરે, ખર્ચ કરે છે છતાં પણ તેને સરવાળે ....? વરસાદ આવે, વંટોળ આવે, ગરમી પડે તો પાક સૂકાઈ જાય ને ઇશ્વરના આધારે બેસી રહેવું પડે.

મને 'સેવા' દ્વારા નર્સરી મળી છે તેમાં મેં રોપા ઉભા રસ્તે, ઘર આંગણે, ખેતરના સેઢે વાવ્યા છે, જેથી ગરમીથી બચી શકાય. પહેલાં હું ઘરમાં ને બહાર ગમે ત્યાં જાઉં તે પ્લાસ્ટિકની થેલીનો ઉપયોગ કરું છું. નકામી થેલી હોય તે ચૂલો સળગાવવામાં વાપરતી હતી. પણ, સેવાની મિટિંગમાં આવીને ત્યાં જાણ્યું કે, પ્લાસ્ટીકથી જમીનને કેટલું નુકશાન થાય છે તે હું સમજી અને મેં નક્કી કરી લીધું કે, જ્યાં પણ જરૂર પડે ત્યાં કાપડની થેલી વાપરીશ અને બીજાને પણ આ સમજ આપીશ.

**- પરવીન, જિલ્લો મહેસાણા**

❑

# પર્યાવરણ- પરી+આવરણ પૃથ્વી+રક્ષણ

પહેલાના જમાનામાં ગરમી તો પડતી જ હતી પરંતુ, અત્યારે હાલ જે ગરમી પડી રહી છે જેના કારણે ઘણું બધુ નુકશાન થાય છે.

જેવું કે, બેનો બને તેટલી મહેનત કરે છે. સવારે વહેલાં નર્સરીમાં રોપાને પાણી પીવડાવે છે. રોપાનું કટિંગ કરે છે, પરંતુ ગરમીના કારણે રોપા બળી જાય છે. સાંજે પાણી પીવડાવે છે અને બિયારણ પણ નાખે છે. સવારે પાણી પીવડાવે બપોર થતાં સુધીમાં કોથળીઓ કોરી થઈ જાય છે. આવી આકરી ગરમીમાં પણ બેનો ખૂબ જ મહેનત કરે છે, પરંતુ તેનું પરિણામ મળતું નથી. કામનો સમય પણ બદલ્યો છે, સવારે ૭થી ૧૧ અને સાંજે ૪થી ૭ વાગ્યા સુધીનો કર્યો છે.

બેનો વર્મીકમ્પોસ્ટની કામગીરી પણ કરે છે. ખાંપ મારે છે. પાણી પીવડાવે છે. પરંતુ વધુ ગરમીના કારણે અળસિયા પણ મરી જાય છે. તેને ટકાવી રાખવા માટે સવારે વહેલા અને સાંજે પાણી પીવડાવે છે. વધુ પડતી ગરમીના કારણે રોજગારી ઉપર પણ અસર થાય છે. કારણ કે, ખેતરમાં કામ કરવાનું હોય તો, સવારે વહેલા કરવું પડે અને પશુઓ માટે ઘાસચારો પણ સવારે વહેલા લાવવો પડે છે. ભેંસો અને ગાયોને ઠંડકમાં રાખવા પડે છે. પશુઓના ઘાસચારા પર પણ ગરમીની અસર પડે છે. વારંવાર ઘાસચારાને પાણી પિવડાવવા પડે છે. ગરમીના કારણે ગાય-ભેંસ દૂધ પણ ઓછુ આપે છે અને ફેટ પણ ઓછા આવે છે. આવી ગરમીમાં પશુઓ ગાભણ થાય તો પણ ગરવઈ જાય છે. એટલે ઘણી બધી મુશ્કેલીઓ પડે છે. એની સામે ટકી રહેવા પશુઓને સવારે ઘાસચારો નાખે છે, પાણી પીવડાવે છે, ઠંડકમાં રાખે છે અને સવારે નવડાવે છે.

ગરમીના કારણે શાકભાજીના વેલા-છોડ સુકાઈ જાય છે. એક દિવસમાં ઉતારેલું શાક કરમાઈ જાય છે. કોથળા (કંતાનમાં) લીલા કરીને રાખવા પડે. સીઝનમાં જે ઉતારો આવવો જોઈએ તે આવતો નથી.

દરેક પશુ-પંખી અને પ્રાણીઓ ઝાડનો છાંયો ગોતે છે. પક્ષીઓ તડકામાં કયાંય દેખાતા નથી. સવારે ચણવા જાય ને પછી ઝાડ ઉપર માળા શોધે છે.

પક્ષીઓ માટે ઠેર-ઠેર પાણીના કુંડા મૂકવામાં આવે તેમજ માળા બનાવેલા પણ બાંધવામાં આવે છે, જેના કારણે તેમને પાણી મળી રહે અને પોતાના ઘર(માળા)માં રહી શકે. ગામમાં પક્ષીઓ વધારે હોય તે ગામના ચોરે પંખીઘરમાં રહે છે. પરંતુ જે પક્ષીઓ વગડામાં રહે છે, તે ઝાડ પર માળા બનાવીને રહે છે.

વાંદરા પણ તડકામાં ટોળામાં ફરતાં નથી. એ પણ ઝાડ ઉપર છાયડામાં રહે છે.

ઉનાળું બાજરી તેમજ દિવેલાની સીઝન પૂરી થઈ. હવે નવું વાવેતર કરવા માટે જે જમીન ખાલી થઈ છે, તે સંપૂર્ણપણે સાફ કરીને ખેડી તૈયાર કરીને મહિના પછી વાવણી કરવામાં આવશે. અત્યારે હાલ જે ઘાસચારો હોય કે, શાકભાજી તેને પણ વારંવાર પાણી પીવડાવવું પડે છે.

ગરમી વધુ પડવાનું કારણ, જંગલો ઓછો થઇ ગયા છે. ઠેર-ઠેર કંપનીઓ-ફેંટરીઓ બની, રોડ બન્યા, વાહનો વધ્યા તેમજ ગામોમાં જે કૂવાઓ-તળાવો હતા તે પણ નથી રહ્યા. પહેલા તો દરકેના ઘરે આગળ-પાછળ વાડા હોય, આંગણા મોટા હોય ત્યાં વૃક્ષો હોય તેનાથી ગરમી ઓછી લાગતી. જયારે અત્યારે એવી જગ્યા જ નથી રહી કે, વૃક્ષો વાવે. ગામડામાં પણ સોસાયટીઓ બનવા લાગી. ફેકટરીઓના પ્રદૂષણથી અને વાહનોના ધુમાડાથી ગરતી વધુ લાગે છે.

આપણે વૃક્ષો વાવીએ, પ્રદૂષણ હટાવીએ, વધુ વરસાદ આવે તેવા પ્રયત્ન કરીએ અને આકાશને સ્વચ્છ બનાવીએ. જેમ આપણું રક્ષણ કપડાં કરે છે. તેમ-ધરતીમાતાનું રક્ષણ વૃક્ષોથી થાય છે, માટે વૃક્ષો વાવીએ અને પર્યાવરણને બચાવીએ.

મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં ગણેશપુરા ગામમાં સેવાને ૧૯૮૭ની સાલમાં જમીન મળીને હતી. ત્યારબાદ એ જમીનને સરખી કરી, ત્યાં રોપા ઉછેરની કામગીરી શરુ કરી તેમજ પ્લાનટેશન દ્વારા અલગ-અલગ રોપાનું કાર્ય કર્યુ, અત્યારે મોટા ઝાડ થઈ ગયા છે. જેના છાંયડા નીચે બેસીને આપણે મીટીંગો પણ કરીએ છીએ. મહેમાનો આવે તો તેઓ પણ આ ઝાડના છાયામાં બેસે છે. આપણે તેને 'શ્રી વનલક્ષ્મી મહિલા સેવા વૃક્ષ ઉત્પાદન સહકારી મંડળી' નામ આપ્યું છે. અહીં અત્યાર સુધીમાં જે પ્લાન્ટેશન કર્યું છે, તે ઘણું ઉપયોગી છે અને પશુ-પંખી અને બીજા વન્ય જીવો પણ આના પર નભે છે.

આ કુદરતી વાતાવરણમાં રહીને બહેનો પોતે નિરોગી અને સ્વસ્થ છે.

**- નીરૂ સેનમા,**
**જિલ્લો મહેસાણા**

❑

# પાટણ જિલ્લામાં ઉનાળાથી ગરમીનો પારો આસમાને

તાપમાનમાં સતત વધારો થવાને કારણે લોકોના દૈનિક જીવન અને કામકાજ ઉપર ગંભીર અસર પડી રહી છે. બપોરના સમયમાં રસ્તાઓ ઉપર અવરજવર ઓછી થઈ ગઈ છે તથા ગરમીના કારણે લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ખેડૂત અને મજૂર વર્ગને ખેતર તથા ખુલ્લા વિસ્તારમાં કામ કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે, જેના કારણે કામના કલાકોમાં ઘટાડો થયો છે. ગરમીના કારણે પીવાના પાણીની માગમાં વધારો થયો છે તથા અનેક ગામોમાં પાણીની અછત જેવી સ્થિતિ સર્જાઈ છે. હીટવેવ જેવી પરિસ્થિતિને કારણે વૃદ્ધો, બાળકો અને બીમારોમાં ડિહાઈડ્રેશન, થાક, ચક્કરની સમસ્યા સર્જાઈ છે.

વીજળીના વધેલા ઉપયોગને કારણે વારંવાર લોડ વધતા વીજ પુરવઠા ઉપર દબાણ સર્જાઈ રહ્યું છે. જાહેર સ્થળો, બજારો તથા પરિવહન સેવાઓમાં સામાન્ય દિવસોની સરખામણીએ ઓછી ચહલપહલ જોવા મળી રહી છે.

ગરમીની પશુઓના આરોગ્ય ઉપર ગંભીર અસર થઈ છે. તેથી દૂધનું ઉત્પાદન ઘટી ગયું છે. પશુઓમાં પણ માણસની જેમ ગરમીના કારણે તણાવ જોવા મળે છે. પશુઓમાં ગરમીના તણાવના કારણે ખોરાક લેવાની ક્ષમતા ઘટી રહી છે. સતત વધતી ગરમીના કારણે લોકોમાં આરોગ્ય અને જીવનનિર્વાહ અંગે ચિંતા વધતી જોવા મળી છે.

**સામાજિક અસરોઃ**

લોકોમાં ગરમીજન્ય બીમારીઓ જેમ કે લૂ લાગવી, ડિહાઈડ્રેશન, ચક્કર આવવાં અને થાકની સમસ્યામાં વધારો થયો છે. નાનાં બાળકોમાં પીળિયો તાવ વધારે જોવા મળે છે. મોટી ઉમરના લોકોને શ્વાસ લેવામાં ખૂબ તકલીફ પડે છે. વૃદ્ધો, નાનાં બાળકો અને ગર્ભવતી મહિલાઓના સ્વાસ્થ્ય ઉપર વધુ પ્રતિકૂળ અસર જોવા મળી રહી છે.

ખેતમજૂરો અને દૈનિક મજૂરી કરતા શ્રમિકોને લાંબા સમય સુધી કામ કરવામાં મુશ્કેલી પડી રહી છે. તેથી રોજગારી ઓછી થઇ ગઇ છે. ગરમીના કારણે ખેતી પાકોમાં ભેજનું પ્રમાણ ઘટતા પાકને નુકસાન થવાની શક્યતા વધી રહી છે.

પાણીની વધતી માગને કારણે કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં પીવાનાં પાણીની તંગી સર્જાઈ રહી છે. શાળાઓ અને આંગણવાડી કેન્દ્રોમાં બાળકોની હાજરી ઉપર અસર પડી રહી છે.

- વીજળીના વધુ વપરાશને લીધે વારંવાર વીજ પુરવઠા ઉપર ભાર વધ્યો છે.
- લોકોનો સ્વભાવ વધુ ચીડિયો બન્યો છે. થાક અને માનસિક તાણ વધ્યાં છે.
- ચામડીના રોગો અને એલર્જીના કેસની સંખ્યા વધી છે.

**પશુપાલન ક્ષેત્ર ઉપર નીચે મુજબની અસરો :**

દૂધાળાં પશુઓમાં દૂધ ઉત્પાદનમાં ૩૦થી ૪૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. પાણીની અછતના કારણે પશુઓને પૂરતું પાણી ન મળતાં દૂધના ઉત્પાદનમાં ખૂબ મોટો ઘટાડો આવ્યો. સાંતલપુર તાલુકામાં હાલમાં પાઈપલાઈનથી પૂરતા પ્રમાણમાં પાણી ન મળતાં ‘સેવા’ના સભ્ય બહેનોને પાણીનાં ટેંકર મંગાવવામાં ૭૦૦થી ૧૫૦૦ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે.

- ઊંચા તાપમાનના કારણે પશુઓમાં થાક, બેચેની અને શારીરિક નબળાઈ વધી રહી છે.
- ચારો ઝડપથી સુકાઈ જતાં લીલા ચારો જોઇએ એટલો પૂરતો મળતો નથી.
- પશુઓમાં વિવિધ ગરમીજન્ય રોગો અને ચામડી સંબંધિત સમસ્યાઓ વધી છે.
- બપોરના સમયે પશુઓને ચરાવવા લઈ જવામાં મુશ્કેલી ઊભી થઈ રહી છે.
- પશુપાલનના વ્યવસાયોમાં મૃત્યુદર અને ઉત્પાદન ખર્ચમાં વધારો નોંધાયો છે.
- પશુઓની પ્રજનન ક્ષમતા ઉપર પણ પ્રતિકૂળ અસર પડી રહી છે.
- ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલકોને પશુઓ માટે છાંયો, પાણી અને પૂરતા ચારાની વ્યવસ્થા કરવામાં વધારાનો ખર્ચ સહન કરવો પડી રહ્યો છે.

અગરિયા માટે સરકારી સહાય નથી !

‘સેવા’ના આગેવનોના અનુભવો શું છે તે સભ્યો પાસેથી તેમના જ શબ્દોમાં જાણીએ.

રાજુસારા ગામનાં મીઠાં કામદાર સબીનાબહેન હકીમભાઈ કહે, ‘અમો મીઠાના અગિરીયા તરીકે રણમાં મીઠાનું કામ કરીએ છીએ. અત્યારે વધતી ગરમીને કારણે કામમાં ખૂબ તકલીફ પડે છે. પાણી મળતું નથી. પાણીનો સંગ્રહ કરવાની કોઈ સગવડ નથી. સરકારમાંથી ફક્ત ચાર મહિના પાણી મળ્યું, પણ ઉનાળો આવતા જ પાણી બંધ કરી દીધું. આજુબાજુ ક્યાંય ઠંડાં પાણીની બોટલ કે કોઈ બીજની પણ સગવડ નથી. સરકારની કોઈ સહાય નથી.’

રાજુસારા ગામનાં અન્ય એક મીઠાં કામદાર બાલુબેન બજાણીયા કહે છે, ‘અમો સવારે વહેલા ઊઠીને મીઠાંના કામ માટે જઈએ, જેથી કામ પૂરું થાય અને તાપ વધારે પડવાનું ચાલુ થાય ત્યારે રણમાં બનાવેલાં છાપરાંમાં આવી જઈએ. જેમાં ત્રિપાલ ઉપર કેનાલની બાજુ ઊગતો ખીપડો કાં સંગેતારા છાપરાં ઉપર નાખીએ, જેથી ગરમીમાં મોટી રાહત મળે અને રણમાં પવનની દિશા બાજુએ કામના ન હોય તેવા કોથળા નાખીને દિવસમાં બેથી ત્રણ વાર રણના ખારા પાણીથી પલાળીએ જેથી ઠંડકમાં બાળકો આરામથી બેસી શકે. પશુનાં છાપરામાં પણ આ જ રીતે સંગેતારા અને કોથળાથી ગરમીમાં ઉપાય કરીએ અને એક ટ્રેક્ટર જેટલી ખેતરોની મીઠી માટી લાવીને પશુ માટે જમીન ઉપર પાથરી દઈએ, જેથી ભોંયતળિયે પણ ઠંડક રહે છે. ખાવામાં છાસ,

રોટલો અને કઢીનો ઉપયોગ વધારે કરીએ છીએ.'

મીઠાના કામદાર બહેનોના અનુભવ અને ગરમીથી બચવાના ઉપાયો જાણ્યા પછી ભરતકામ કરતાં કકુંબહેનનો સંઘર્ષ જાણીએ.

સાંતલપુર તાલુકાના મઢુત્રા ગામના કંકુબેન લાલભાઈ કહે છે કે, 'ખેતરમાં એરંડા લેવાનું કામ ચાલુ છે પણ ગરમીના કારણે ખેતરમાં જઈ શકતી નથી. પહેલા દિવસમાં સાત કલાક કામ કરતી. જ્યારે હવે માંડ ત્રણથી ચાર કલાક કામ થાય છે. ત્યાં ભરતકામમાં પણ, પંખાની હવા ખૂબ ગરમ હોવાને લીધે કામ ઓછું થાય છે. મઢુત્રા અને વૌવા ગામમાં ઉધરસ અને તાવનું પ્રમાણ ખૂબ જ છે. મારા પિયર બરારા ગામમાં મારા ભત્રીજાને મગજ ઉપર ગરમી ચડી ગયેલી, તે રાધનપુરથી મહેસાણા દવાખાને દાખલ કરવો પડયો હતો. એવી હેરાનગતી થઈ ગઈ હતી. ગામમાં પાણીની લાઈન દ્વારા પાણી નથી આવતું, કે ન તો કેનાલમાં ય પાણી આવતું, જેથી ગામમાં પીવાનાં પાણીની બહુ અછત ઉભી થઈ છે.'

ફાંગલી ગામના' સેવા'ના આગેવાન અને ભરતકામ કરતાં આહિર રૂડીબેન અજાભાઈ કહે, 'મારા ગામમાં અત્યારે ખૂબ તાપ પડે છે. તેના લીધે પશુપાલનમાં અને માણસને ખૂબ તકલીફ પડે છે. પશુપાલનમાં દૂધમાં ઘટાડો થવાથી આવક આવતી બંધ થઈ ગઈ. મજૂરીથી ઘર ચલાવતા'તા તો અત્યારે ક્યાંય મજૂરી ન મળવાથી ઘર ખર્ચ કાઢવો પણ મુશ્કેલ થઈ ગયો છે. ગામમાં પાણીની તકલીફ પડતા સરપંચ દ્વારા દિવસમાં બે પાણીના ટેન્કર આવે છે. ગરમીના લીધે જે બહારથી શાકભાજી વેચવા માટે આવતા'તા એ પણ નથી આવતા. એટલે એ પણ તકલીફ પડે છે. રાધનપુરમાં એક ગામથી બીજે ગામ જવા-આવવામાં પણ તકલીફ પડે છે. વધારે તાપ પડવાથી બાળકોમાં વાઈરસ તાવના કેસ વધી ગયા છે. માણસો અત્યારે તાપના લીધે સવારે ૧૨થી સાંજે ૬ વાગ્યા સુધી બહાર નીકળવાનું ટાળે છે.

ગરમી અને પાણીની સમસ્યાના અસરકારક ઉપાયો બહેનો જાતે કરી રહ્યા છે.

બકુત્રાનાં ગૌરીબહેન ભરતકામ કરે છે. તેઓ કહે, ''સેવા' દ્વારા બનાવેલાં વરસાદી પાણીના ટાંકા આ ગરમીમાં ખૂબ કામ આવ્યા. ભૂકંપ વખતે બનાવેલાં ઘરોમાં નળિયાની નીચે લાકડાંની શીટોથી ગરમીનો પ્રકોપ ઓછો થઈ ગયો છે. ગરમીમાં કામનો સમય બદલ્યો છે. સવારથી જ કામ કરીએ અને બપોરે ઘરમાં આરામ કરીએ અને સાંજના સમયમાં બાકી રહેલું કામ પૂરું કરીએ છીએ. બપોરે ઘરમાં આરામ કરીને શરીરને ગરમીથી બચાવવાનો પ્રયત્ન કરીએ છીએ.'

આ પ્રકારના સ્થાનિક અને વ્યવહારુ ઉપાયો દ્વારા મહિલાઓ ગરમી વચ્ચે પણ પોતાની રોજિંદી કામગીરી ચાલુ રાખી રહી છે.

બનાસકાંઠાના ખારા ગામામાં હવે નાની મોટર દ્વારા ફોગના ફુવારાનો ઉપયોગ પણ શરૂ થયો છે. પાણીના ઝીણા છંટકાવથી હવામાં ઠંડક ફેલાય છે, જેના કારણે લોકો અને પશુઓને ગરમીમાં રાહત મળે છે. ખાસ કરીને પશુ છાપરાં, ઓટલા, કામ કરવાની જગ્યાઓ અને નાના શેડમાં આ ઉપાય ઉપયોગી સાબિત થાય છે.

## ગરમીથી બચવાના ઉપાય

ગરમીથી બચવા કામનો સમય બદલ્યો છે, જેથી ખેતીનું કરી શકીએ.

- આખી બાંઈ વાળા સુતરાઉ કપડાં પહેરવા.
- જરૂર હોય તો જ બપોરના સમયે બહાર નીકળવું નહી તો ઘરમાં જ રહીએ.
- વધુ પ્રમાણમાં પાણી અને છાશ પીવી.
- પશુઓને પુરતા પ્રમાણમાં પાણી અને લીલો ઘાસચારો આપવો જેથી તેમને ઠંડક રહે.
- ગરમીના દિવસોમાં સામાજિક પ્રસંગો હોય ત્યા જમવા જવું નહી. વારંવાર ભીના કપડાથી શરીરને લૂછવું, જેથી લૂ ઓછી લાગે.
- સૂર્ય પ્રકાશ સીધો આવે તેવો હોય તો તેનાથી બચવું અને દિવસ દરમ્યાન ઝાડના છાંયડે ઠંડકમાં આરામ કરવો.

તેવી રીતે પશુઓને પણ તાપથી બચાવવા બાજરીના પૂળાથી છાપરું બનાવવું જેથી તેમણે છાંયડો મળી રહે. ગરમીને લીધે ગાયો-ભેસોને આંચળમાં લોહીની ગાંઠો થતી હતી, તેથી દેશી ઉપચારથી ઘરે બનાવેલ કુંવર પાઠું અને હળદરનો લેપ લગાવતા. બાકી ડૉક્ટરની દવા તો ગાયો-ભેંસોને વધારે ગરમ પડતી. ગરમીમાં ઠંડાપીણાની જગ્યાએ ઘરે બનાવેલી ફૂદીનાની છાશ અને કાચી કેરીમાંથી બનાવેલો બાફલો લઈએ જેથી ગરમીમાં લૂ ના લાગે અને શરીરમાં ઠંડક રહે.ગરમીમાં પશુ હાફતા હોય તો તેમને સરસવનું તેલ ખવડાવીએ છીએ. દિવસ દરમિયાન પશુઓને ત્રણ-ચાર વાર પાણીથી નવડાવીએ. ગરમીથી બચવા માટે ખેતરમાં થતી બાવશી (જંગલી તુલસી)ના છોડના પાનને આખી રાત પાણીમાં પલાળી રાખી સવારમાં તે પાણી પીવાથી શરીને ઠંડક મળે છે. સફેદ ડુંગળી (નદીની દેશી ડુંગળી) ખોરાકમાં લેવાથી તે શરીરની ગરમી ચૂશી લે છે. ગામડામાં ઘરે ઠંડા પાણી માટે ફ્રિજ નથી હોતા, પરંતુ માટલાં અને બોટલને ફરતે કંતાનને વીંટી રાખીએ જેથી પાણી ઠંડુ રહે. આમ ઘરઘથ્થું ઉપચાર કરી ગરમીથી બચીએ છીએ.

**- સખી, સાયરા, નશીમ, મુમતાઝ, કોકિલા, જિલ્લો પાટણ**

❑

# ગરમીથી ત્રાહિમામ્

શરીરની ચામડી બળી જાય એવી ગરમી પડે છે. કુદરતી આફતથી કેટ કેટલું ભોગવવું ! આ કાળઝાળ ગરમી હવે નથી સહન થતી. તો અબોલ પશુ-પક્ષીઓ ક્યાંથી સહન કરી શકે ? પક્ષીઓ પણ

ઝાડ ઉપરથી તરફડીને નીચે પડી મૃત્યુ પામે છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાનું પાટીયા ગામના ખેત મજુર સંગીતાબહેન કહે, મારા ત્રણ બાળકો, મારા પતિ અને મારા સાસુ-સસરા અમે બધા સાથે રહીએ છીએ. મારા ઘરવાળા પણ ખેતીકામ કરે છે.

અમારું ઘર ગામમાં છે, પણ ગાયો-ભેંસોને કારણે અમે ખેતરમાં છાપરું બાંધીને રહીએ છીએ. કારણ કે, ખેતરથી ઘર બહુ દૂર છે અને ગાયો-ભેંસ માટે બહુ તકલીફ પડતી હતી.

ગામમાં પાણીની ઘણી અછત રહેતી હતી એટલે અમે ખેતરમાં રહેવા લાગ્યા. અમારે અડધો વીઘો જમીન છે, એમાં ઉનાળો બાજરી વાવી હતી પણ આકરા તાપને કારણે બધુ બળી ગયું, આથી અમે બીજાના ખેતરમાં પણ દાડીએ જઈએ છીએ.

અમારે બે ગાય અને ભેંસ છે તેનાથી અમારું ગુજરાન ચાલે છે. ગરમીના કારણે અમે બીજાના ખેતરમાં દાડીએ જઈએ છીએ, કામના કલાકો ઓછા થતા વેતન પૂરું મળતું નથી. આમ ગરમીના લીધે ઘણું નુકશાન વેઠવું પડે છે.

ગરમીના કારણે આખા શરીરે ગરમી નીકળે છે. પગમાં જેમ શિયાળામાં વાઢીયા પડે છે તેમ ઉનાળામાં પણ પગમાં ને અંગૂઠામાં ચીરા થઈ જાય છે.

પતરાવાળા ઘરમાં ગરમીના લીધે ટકાતું જ નથી. બાળકો પણ શાંતિથી સૂઈ નથી શકતા. ઘરમાં બહુ જ બફારો મારે તેથી ભીના કોથળાં કરીને બહાર જાળી ઉપર લટકાઈએ તો થોડી ઠંડક રહે છે.

દિવસમાં બે વખત ઠંડા પાણીથી નાહીએ છીએ અને નાના બાળકોને કેસૂડાના ફૂલના પાણીથી નવડાવીએ છીએ.

ખેતરમાં પક્ષીઓ ગરમીથી તરફડતા હોય છે ઘણા તો આકરા તાપથી તરફડીને મૃત્યુ પામે છે. એ જોવાતું નથી. માટે ઝાડ નીચે જૂના માટલાના કુંડા બનાવીને તેમાં પાણી લટકાવીએ છીએ અને મકાઈ દોડાને પણ ઝાડ પર બાંધીએ છીએ જેથી તેમને ખોરાક મળી રહે. આવા ઉપાયથી થોડા પક્ષીઓને પણ રાહત મળે છે.

એવી જ રીતે ચેતનાબેન કહે, અમારા ખેતરમાં હાલ ઉનાળુ બાજરી ઉભી છે પરંતુ, કપરા તાપને લીધે ખેતર જઈ નથી શકતા, ૯ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી જમીન એટલી ગરમ હોય છે કે, એની લૂ શરીર પર પડે તો શરીરમાં બળતરા થવા લાગે છે અને કામ કરતાં શ્વાસ ચડી જાય છે. શરીરમાં ધ્રુજારી આવવા લાગે છે અને કામ કરવાની શક્તિ ઘટી જાય છે. આથી મજૂરીએ જઇ શકાતુ નથી જેથી રોજગારી પર અસર પડે છે.

ખેતીના પાક સુકાય છે, શાકભાજીના ભાવ અતિશય વધી ગયા છે. ગામડામાં લોકો લીમડાના છાયામાં બેસે છે. ઢોરો ચરવા જાય ને ગરમીની અસર ઢોરો પર વધારે જોવા મળે છે. ગાય ભેંસ ગરમીના કારણે તરોઈ જાય છે. ગામમાં પરબડી સાફ કરીને ચાલુ કરી છે તેમજ હવાડા પણ સાફ કરી પાણી ભરેલા છે. ગરમી એ તો ત્રાહીમામ મચાવી દીધું છે.

**- સ્નેહા સુથાર,**
**જિલ્લો અરવલ્લી**

❑

## સતત વધતી ગરમીના કારણે સભ્યો, પશુપાલન અને જીવનનિર્વાહ પર થતી અસર અને અપનાવાયેલા ઉપાયો

અમદાવાદ જિલ્લામાં સતત વધતી જતી ગરમીના કારણે સભ્યોના આરોગ્ય, પશુપાલન, ખેતી અને રોજગારી પર ગંભીર અસર જોવા મળી રહી છે. તે આપણે ગામના સભ્યોને મળ્યા, જાણ્યું અને અનુભવ્યું.

સતત વધતી જતી ગરમીના કારણે સભ્યોના બાળકોમા ઝાડા ઉલટી અને કોલેરાના કેશ વધારે જોવા મળ્યા છે તેમજ મોટી ઉંમરના સભ્યોને બીપી-ડાયાબીટીસની અસર પણ જોવા મળી છે તેમજ ગરમીના કારણે ચકકર આવવા, માથું દુઃખવુ, ખુબ પરસેવો થવો, વગેરે તકલીફ જોવા મળે છે,

ગામમાં હદય રોગના કેશ પણ વધ્યા છે. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ગોધાવી ગામ જે આપણા સંગઠનનું ગામ છે ત્યાં રહેતાં ૫૫ વર્ષના સવિતાબેન ગોવિંદભાઈને ગરમીના કારણે અચાનક થોડો છાતીમાં દુઃખાવો થયો અને મૃત્યુ પામ્યા.

તેવી જ રીતે ભાવનપુરના જડીબેન પરમારને પણ ગરમીના લીધે એટેક આવ્યુ અને તેમનું મૃત્યુ થયું. આમ વધુ પડતી ગરમીના લીધે પણ હદય રોગના કેશ વધ્યા છે.

ઈગોલી ગામના સેવાના સભ્ય જનકબેન રઘુભાઈ ભરવાડના પતિને, કોઈ પણ પ્રકારનું વ્યસન નહોતું. ૪૮ વર્ષના રઘુભાઈ ઢોર ચરાવવા ગયા હતા. ત્યાં અચાનક બીપી ઘટી ગયું. છાતીમાં દુઃખાવો થતા તેમને હોસ્પિટલ લઈ જતાં રસ્તામાં તેમનું અવસાન થયું.

પશુઓમાં પણ ગરમીના કારણે તકલીફ જોવા મળી છે. પશુઓ પણ ગરમીના લીધે ખોરાક લેવાનું ઓછુ કરી દે છે, જેના કારણે દુધમા પણ ઘટાડો થયો છે. ખેતરમાં પશુ માટે ઘાસ-ચારો ઉગાડ્યો છે, તેમાં પાણીનો ખર્ચો વધુ થાય છે, તે ના આપી શકવાથી એ પણ બળી જાય છે.

ગામમાં ગાભણ પશુઓમાં તરવાઈ જવાના ઘણા બનાવો પણ વધુ બન્યા છે. ઘણા સભ્યો કહે છે કે, ગરમીના કારણે આખા વર્ષની આવકમાં ઘટાડો થયો છે અને નુકશાન પણ ગયું છે.

વિરમગામ તાલુકાના કેશવપુરા ગામના હંસાબેન વાળંદે જણાવ્યું કે, 'મારી પાસે ૧૨ ગાય-ભેંસ છે જેમાંથી ૪ ગાભણ હતી. સતત ગરમીના કારણે ૨ ભેંસો તરવાઈ ગઈ અને એક ગર્ભવતી ભેંસનું મૃત્યુ થયું. દૂધ આપતી ભેંસો ઓછો ચારો ખાવાના કારણે દૂધ ઓછું આપી

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
6-22-5-26

રહી છે. તેથી આવક ઘટી ગઈ છે. અગાઉ દિવસમાં બે વખત ચારો લેવા જતી હતી, પરંતુ હવે વધુ ગરમીના કારણે માત્ર એક જ વખત જવાનું થાય છે. અગાઉ આખો દિવસ ખેતરમાં કામ કરતી હતી પરંતુ હવે માત્ર સવારે અને સાંજે જ કામ કરું છું.'

ભવાનપુર ગામમાં રહેતાં રાજુબેન ધીરુભાઈ ખેતી કામ કરે છે. જેમને પોતાના ઘર પાછળ ને ખેતરમાં ૨ કિચન ગાર્ડન બનાવ્યા છે, ત્યાં ૨૦૦ વૃક્ષોનું રોપણ કરાવ્યું હતું, જેમાંથી ૭૦ વૃક્ષો બળી ગયા છે અને ૧૩૦ વૃક્ષો થયા છે જેની માવજત રાજુબહેન કરે છે. ગરમીનું પ્રમાણ વધારે હોવાથી રાજુબહેન દિવસના ૩ વખત પાણી પીવડાવે છે.

કિચન ગાર્ડનમાં રાજુબહેને શાકભાજી પણ ઉગાડી છે. વધારે ગરમીને લીધે શાકભાજીના ભાવ પણ આસમાને છે, તેથી તેમને ઘર આંગણે જ દવા વિનાની ઓર્ગેનિક, તાજી અને ચોખ્ખી શાકભાજી મળી રહે તે માટે કિચન ગાર્ડન બનાવ્યું તેનાથી ઘણો ફાયદો છે.

આમ સભ્યો વ્યક્તિગત અને સામૂહિક રીતે વિવિધ ઉપાયો અપનાવી રહ્યા છે. કિચન ગાર્ડન, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન અને પાણી વ્યવસ્થાપન જેવા પ્રયત્નો કરી ગરમી સામે ટકી રહેવા માટે ઉપયોગી સાબિત થઈ રહ્યા છે.

**- જ્યોત્સના મકવાણા,**
**જિલ્લો અમદાવાદ**

❑

**અનસૂયા**

- ૪૫માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/- નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-22-5-26

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]